# શહેરમાં વધુ સવા ઈંચ વરસાદ

**ચોમેર પાણી ભરાયા : ગાંધીનગરમાં સિઝનનો સવા બાર ઇંચ વરસાદ : હળવા ભારે ઝાપટાના લીધે ભીંજારાની મોસમ નિખરી : પલવાર ઝાપટુ નાંખી જતો વરસાદ એકધારો વરસતો નથી જાપટા વરસાવે છે**




ગાંધીનગર તા ૧૯

શહેરમાં છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદના સતત હળવા ભારે ઝાપટા વરસતા ભીંજારાની મોસમ નિખરી છે. સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયેલા જોવા મળે છે. ગઈકાલે રાત્રિના વરસાદી ઝાપટા બાદ આજે સવારથી આકાશમાં ઘટાટોપ વાદળોનો ઘેરાવ જોવા મળ્યો હતો. સવારના ઉકળાટ બાદ આકાશી નઝારો નિખર્યો હતો. જયારે બપોરના સમયે વરસાદના ભારે ઝાપટાથી ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. છેલ્લા ૨૪ કલાકમાં સવા ઈંચ વરસાદ વરસ્યો હતો. સેકટરોના આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. વરસાદી ઝાપટાથી સાંજના સમયે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

ગાંધીનગરમાં છેલ્લા બે ત્રણ દિવસથી મેઘરાજા ઝાપટા નાંખી રહ્યા છે. અષાઢ અને શ્રાવણ કોરો કાઢયા બાદ હવે ભાદરવામાં ઝાપટીયા વરસાદથી નગરમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં વરસાદના હળવા ભારે ઝાપટા વરસ્યા હતા જેના અંતે ૩૩ મી મી અલબત્ત સવા ઈંચ વરસાદ થયો છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૨. ૫ ઈંચ વરસાદ નોંધાયો છે. ગઈકાલે રાત્રિના વરસાદી ઝાપટાથી સેકટરોમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો જયારે આજે બપોરે પણ વરસાદના ભારે ઝાપટાથી સેકટરોમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે પણ ઉકળાટ અનુભવતા નગરજનો વરસાદ વરસે તેવી આશ સેવી રહ્યા હતા. જયારે બપોરના ઉકળાટ બાદ ૩ કલાકે ધોધમાર વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. પલવારમાં જ શહેરના મુખ્યમાર્ગો પર

● અનુસંધાન પાન-૭ પર

## ચુંટણી પ્રચારમાં ઉમેદવારો માટે વરસાદ વિલન બન્યો

શહેરમાં હળવા ભારે વરસાદી ઝાપટા વરસી રહ્યા છે. જેના લીધે વાતાવરણમાં સતત ભીંજારાનો માહોલ જોવા મળે છે. એકબાજુ વરસાદી મોસમ નિખરી છે. જયારે બીજીતરફ કોર્પોરેશનની ચુંટણી પણ જાહેર થઈ ગયા બાદ સેકટરોમાં વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો પ્રચાર ઝુંબેશમાં વ્યસ્ત બન્યા છે. પરંતુ હાલ વરસાદી મોસમમાં ચુંટણી પ્રચાર કરવાનુ આ ઉમેદવારો માટે વધુ મુશ્કેલ બન્યુ છે. આમ પણ ચુંટણીના આડે હવ ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ટુંકા સમયગાળામાં મતદારોને રીઝવવા માટે પ્રયાસો થઈ રહ્યા છે. આવા સંજોગોમાં પ્રચાર અર્થે નિકળતા વિવિધ રાજકીય પક્ષો તેમજ તેમના ઉમેદવારો માટે વરસાદ વિલન બન્યો છે. વરસાદ ગમે ત્યારે ખાબકતા પ્રચાર ઝુંબેશ આટોપી લેવાની ફરજ પડે છે.

# જિલ્લાના ત્રણ તાલુકામાં વરસાદના હળવા ઝાપટા

**ગાંધીનગરમાં સિઝનનો સૌથી ઓછો વરસાદ નોંધાયો : જિલ્લામાં સિઝનનો ૫૪.૫૪ ટકા જ વરસાદ થયો છે**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં મેઘ મ્હેર આજે પણ ચાલુ રહી હતી. જિલ્લામાં હળવા વરસાદી ઝાપટાઓ ત્રણ તાલુકામાં આજે નોંધાયા છે.

ગાંધીનગર, માણસા અને કલોલ તાલુકામાં આજે વરસાદના હળવા ઝાપટાઓથી વાતાવરણમાં બદલાવ જરૂર આવ્યો છે. જિલ્લામાં વરસાદી ઝાપટાઓને લઈ મુરઝાતી ખેતીને સારો એવો ફાયદો પણ થયો છે.

જિલ્લામાં ચોમાસાની સિઝનનો અત્યાર સુધીમાં ૫૪.૫૪ ટકા વરસાદ નોંધાયો છે. સૌથી ઓછો વરસાદ ગાંધીનગર તાલુકામાં થયો છે.

જિલ્લામાં આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં ગાંધીનગરમાં ૧૮ મી.મી., માણસામાં ૬ મી.મી. અને કલોલમાં ૪ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આજે સવારે ૬ વાગ્યા સુધીમાં દહેગામમાં કુલ ૩૪૫ મી.મી., ગાંધીનગરમાં ૨૯૬ મી.મી., કલોલમાં ૫૫૮ મી.મી. અને માણસામાં ૪૭૧ મી.મી. વરસાદ નોંધાયો છે. ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો દહેગામમાં ૪૨.૮૧ ટકા, ગાંધીનગરમાં ૪૧.૪૦ ટકા, કલોલમાં ૭૧.૩૬ ટકા અને માણસામાં ૫૮.૮૮ ટા વરસાદ સિઝનનો થયો છે.

જિલ્લામાં સપ્ટેમ્બરના આરંભ પૂર્વે દહેગામમાં સૌથી ઓછો વરસાદ હતો પરંતુ આ મહિનામાં સારો વરસાદ નોંધાયો છે. જો કે હવે ગાંધીનગર તાલુકામાં સૌથી ઓછો વરસાદ આખી સિઝનનો નોંધાયો છે.

જિલ્લામાં વરસાદી પેટર્ન બદલાતા ખંડીય વૃષ્ટિ પણ થતી જોવા મળી છે. જો કે હજુ ૨૨મી સુધી સારો વરસાદ થશે તેવુ હવામાન વિભાગના સૂત્રો કહી રહ્યા છે.

# શહેરમાં વાહકજન્ય રોગચાળો વકરતાં આજે સર્વેલન્સ અને પોરાનાશક કામગીરીની ઝુંબેશ

**આજે ૩૯૬ તાવના કેસો સર્વેલન્સમાં મળ્યા : ડેન્ગ્યુના કેસો ૨૦૦ની નજીક પહોંચવા આવ્યા તો ચિકનગુનિયાના કેસોની સંખ્યા ૨૧ પર પહોંચતા તંત્ર હરકતમાં**




ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં કોરોના સંક્રમણ ઘટ્યુ છે પણ વાહકજન્ય રોગચાળાએ જે માથુ ઉંચક્યુ છે તેનાથી તંત્રમાં એક નવી ચિંતાનો ઉમેરો થયો છે. શહેરમાં આજે એક વિશેષ અભિયાન તરીકે હાથ ધરાયેલ સર્વેલન્સ અને પોરાનાશક કામગીરી દરમ્યાન ૩૯૬ જેટલા તાવના કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં હાલનું હવામાન મચ્છરોની ઉત્પત્તિને સાનુકૂળ હોવાથી આજે ખાસ ઝુંબેશ યોજવામાં આવી હતી. આજે ૧૫૬ જેટલી ટીમો બનાવી આ વિશેષ ઝુંબેશ યોજવામાં આવી હતી અને ૫૦ હજારથી વધુ ઘરોમાં સર્વે કરવામાં આવ્યો હતો. એક લાખથી વધુ જળસંગ્રહના પાત્રોની ચકાસણી કરતાં ૩૮૨૦ પાત્રમાંથી મચ્છરોના પોરા મળી આવ્યા હતા જેનો સર્વેલન્સની ટીમો દ્વારા નાશ કરવામાં આવ્યો હતો.

આજે સર્વેલન્સ દરમ્યાન ૨.૫૦ લાખથી વધુ લોકોને આવરી લેવાયા હતા. જેમાંથી ૩૯૬ જેટલા તાવના કેસો મળી આવ્યા હતા. તંત્રની ટીમો દ્વારા ૧૧૦૦થી વધુ લોકોના લોહીના નમૂના લઈ અને ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે શહેરમાં અત્યાર સુધીમાં ડેન્ગ્યુના ૧૭૫ જેટલા કેસ, મેલેરિયાના ૧૧૨ કેસ અને

● અનુસંધાન પાન-૭ પર

# સી.એસ.આર. ફંડમાંથી જિલ્લાની ૬ પ્રા. શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અમલી થયો

**આ વર્ષના અંત સુધીમાં આ ફંડમાંથી વધુ ૧૬ શાળાઓને આવરી લેવાનું આયોજન**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાની ૬ શાળાઓને સી.એસ.આર. ફંડમાંથી જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાની પેથાપુર કુમાર-૨ પ્રા. શાળા, આદરજ મોટી કન્યા શાળા, ઉનાવા પ્રા. શાળા, દહેગામ તાલુકાની લિહોડા પ્રા. શાળા, માણસા તા.ની દેલવાડા પ્રા. શાળા તેમજ કલોલ તાલુકાની ભોંયણ મોટી-૨ પ્રા. શાળામાં આ પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ એસ્ટ્રેસ ફાઉન્ડેશનના સી.એસ.આર. ફંડમાંથી આ પ્રોજેક્ટ માટે વાઈટ બોર્ડ, પ્રોજેક્ટર, પ્રોજેક્ટર સ્ટેન્ડ, કેબલ, રિમોર્ટ કીટ, ટચ પેન સેટ, ટીચીંગ સોલ્યુશન યુનિટ અને યુપીએસ યુનિટ ફાળવી આપવામાં આવ્યા છે.

આ શાળાઓના વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજીના માધ્યમથી હવે

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં માત્ર ૮ જ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૮ કેસ નોંધાયા છે અને સામે ૧૫ દર્દી સાજા થયા છે. રાજ્યમાં આજેપણ કોરોના વાયરસના કારણે એકપણ દર્દીનું મોત નીપજ્યું નથી. રાજ્યમાં આજે સાંજે ૪ વાગ્યા સુધીમાં કુલ ૨,૫૨,૪૦૭ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં કોરોનાને હરાવીને સાજા થવાનો દર ૯૮.૭૬ ટકા નોંધાયો છે.

# ગાંધીનગરના કમિશ્નર ધવલ પટેલ અફસરો માટે પ્રેરણાદાયી

**વિવિધ ટી પી વિસ્તારમાં સ્થળ મુલાકાત લઇ પગપાળા સ્થળ સ્થિતિનુ નિરિક્ષણ કરી ખેડુતો , બિલ્ડરો સહીત સ્થાનિકોના પ્રશ્નોનુ સ્થળ પર નિરાકરણ કરતા રજુઆત કર્તાઓમાં સંતોષની લાગણી : કમિશ્નરની સ્માર્ટ કાર્યપધ્ધતિ ટોક ઓફ ધ ટાઉન**

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરને લાંબા સમય બાદ અનોખી સુઝબુઝ ધરાવતા અને કર્મનિષ્ઠ કમિશ્નર મળ્યા છે. ગાંધીનગરના કમિશ્નર ધવલ પટેલ ગુડાના ટી પી વિસ્તાર કે કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારમાં પોતાની ટીમ સાથે સ્થળ મુલાકાત લે છે. આ દરમિયાન ટી પી વિસ્તારમાં પહોચીને ખેડુતો તેમજ બિલ્ડરના પ્રશ્નો સાંભળી સ્થળ પર જ તેનો નિકાલ કરે છે. તેમની સાથે એન્જિનિયરની સાથે દબાણ , સર્વે અને ટાઉન પ્લાનીંગની ટીમ પણ હાજર હોય છે. તેમના આ પ્રેરણાદાયી અભિગમથી નાગરિકોમાં પણ સંતોષ સાથે હર્ષની લાગણી વ્યાપી છે. તેમની આ સ્માર્ટ કાર્યપધ્ધિત હાલ ટોક ઓફ ધ ટાઉન છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશ્નર ધવલ પટેલ આગવી વહીવટી સુઝબુઝ સાથે ફુટવર્કથી કામ કરે છે. ગુડાના ટી પી વિસ્તાર કે કોર્પોરેશનમાં સમાવિષ્ટ ગામોની મુલાકાત લઈ ખેડુતો, બિલ્ડરો સહીતના રજુઆત કર્તાની મુશ્કેલી કે પ્રશ્નો સ્થળ પર જ નિકાલ કરે છે. તેમની આ કામગીરીથી સાથી કર્મચારીઓ તેમજ ટી પી વિસ્તારના પ્લોટ ધારકો અને ખેડુતો પણ સંતોષની લાગણી અનુભવી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ગુડાના ટી પી વિસ્તારની રૂબરૂ સ્થળ મુલાકાત લઈ ખેડુતો તેમજ બિલ્ડરોના પ્રશ્નોને પણ રૂબરૂ સાંભળી તેનો સ્થળ પર જ નિકાલ લાવવા પ્રયત્નશીલ રહે છે. તેમની સાથે ટાઉન પ્લાનીંગ, એન્જિયરીંગ વીંગ, તેમજ દબાણ અને સર્વેની ટીમ પણ સ્થળ પર જ હાજર હોય છે. કમિશ્નર ધવલ પટેલ ટી પી વિસ્તારમાં લાંબા અંતર સુધી પગપાળા ફરીને સર્વેને પ્રેમથી સાંભળી પ્રશ્ન સમજી સ્થળ પર નિકાલ લાવે છે. જેથી રજુઆત કર્તાને પણ કોઇ હેરાનગતિ થતી નથી. ટી પી વિસ્તારમાં રસ્તા ખુલ્લા કરવાના કે દબાણ સહીતના પ્રશ્નો અંગે ધ્યાનથી સ્થિતિનુ નિરિક્ષણ કરીને પ્રશ્નોનો નિકાલ કરે છે. ગઈકાલે પણ તેમણે ઝુંડાલ અને ખોરજ તેમ બે વિસ્તારની મુલાકાત લીધી હતી. સ્થાનિકોની રજુઆતોને સાંભળી હતી. સવારે ૯ થી ૫ સુધી તેમની આ કામગીરી ચાલે છે. ગુડા અને કોર્પોરેશનમાં મહત્વની વહીવટી જવાબદારી સંભાળતા ધવલ પટેલના આ અભિગમથી સ્થાનિકોમાં પણ સંતાષ સાથે હર્ષની લાગણી વ્યાપી છે. તેમની આ કાર્યપધ્ધતિ અન્ય અફસરો માટે પણ પ્રેરણાદાયી બની છે.

# મહેસુલી સુધારાની કામગીરી વેગીલી બનાવવામાં આવશે : રાજેન્દ્ર ત્રિવેદી



ગાંધીનગર, તા. ૧૯

રાજ્યના મહેસુલ વિભાગમાં સુધારાઓની કામગીરી આગામી દિવસોમાં વધુ વેગવાન બનાવવામાં આવશે તેવો સંકેત આજે રાજ્યના નવા નિમાયેલા મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આપ્યો છે.

કાર્યાલયમાં વિધિવત્ પ્રવેશ બાદ તેમણે આ સંકેતો આપતાં જણાવ્યું હતુ કે જમીનના વેચાણ બાદ નોંધની પ્રક્રિયાનું સરળીકરણ કરાશે. હક પત્રકની નોંધ બાબતે વધુ કાળજી લેવામાં આવશે.

બિન ખેતીલાયક જમીનની પ્રક્રિયામાં ટેકનીકલ પ્રશ્નો ઉભા થયા છે પણ તેને ઝડપથી દૂર કરીને વધુ સરળીકરણ કરાશે. રાજ્યમાં કુદરતી આપત્તિ, અતિવૃષ્ટિના કારણે લોકોને બહુ હાલાકી ના થાય તેની કાળજી લેવામાં આવશે.

તેમણે કહ્યું હતુ કે આગામી દિવસોમાં મહેસુલ વિભાગમાં આવનારા દિવસોમાં પડતર પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે વધુ કડક હાથે કામ લેવામાં આવશે. આગામી દિવસોમાં જિલ્લા કલેક્ટરો સાથે વિડીયો કોન્ફરન્સ કરી અને જિલ્લાના પડતર પ્રશ્નો અંગે સમીક્ષા કરવામાં આવશે.

રાજ્યના લોકોની સુખાકારી માટે વિવિધ વિભાગો કામ કરતા હોય છે. કાયદો નાગરિકોને ઝડપી અને સરળતાથી પ્રાપ્ત થાય, લોકોને સરળતાથી ન્યાય મળે તે અમારી સરકારની પ્રથમ પ્રાથમિકતા રહેશે.

ગુજરાતમાં સારા અને કડક કાયદાઓ લાવવામાં આવ્યા છે. હાલમાં ગુનેગારોને રાજ્ય છોડવા મજબુર કરનારા કાયદાઓ અમલમાં છે અને જરૂર પડી તો વધુ કડક કાયદા લાવીશુ.

ત્રીવેદીએ આજે કાર્યભાર સંભાળ્યો ત્યારે પૂર્વ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા ખાસ હાજર રહ્યા હતા.



ગુજરાતના નવા નિમાયેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉત્તરપ્રદેશના ગવર્નર અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. તેઓ શુભેચ્છાની આપ-લે કરી માર્ગદર્શન મેળવ્યુ હતુ.


## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



નાની શી તમારી જીંદગી પણ
મોટી માયા લગાડી ગયા,
અમારી આંખોનું નુર હતા હવે
એ આંખોને તમે રડાવી ગયા,
જે તમારા થકી હસતા હતા,
તે બધાને તમે રડાવી ગયા,
પ્રભુ તમારા દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. લલીતકુમાર (સોનુ) રાજકુમાર મંનરાલ
જન્મ તા. ૨૭/૮/૧૯૯૪ સ્વ. તા. ૨૦/૯/૨૦૨૦

લિ.
વાઘેલા પૃથ્વીસિંહ

## હાર્દિક અભિનંદન





મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નવા બનેલ મંત્રીમંડળમાં અમદાવાદ નિકોલના લોકપ્રિય ધારાસભ્યશ્રી જગદીશભાઈ પંચાલ (વિશ્વકર્મા)ની રાજ્યકક્ષા (સ્વતંત્ર કાર્યભાર) - કુટિર ઉદ્યોગ, સહકાર, પ્રોટોકોલ, મીઠા ઉદ્યોગ વગેરેના મંત્રીશ્રી તરીકે પસંદગી થતાં ખૂબ ખૂબ અભિનંદન તથા ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના પણ આભારી છીએ...

શુભેચ્છક
માનનીય શ્રી ભગવાનદાસ પંચાલ
શ્રી વિશ્વકર્મા પંચાલ સમાજ, ગાંધીનગર

ચીમનભાઈ પંચાલ - પ્રમુખ | ઉપેન્દ્રભાઈ પંચાલ - ટ્રસ્ટી | વિનોદભાઈ પંચાલ - ટ્રસ્ટી
રમેશભાઈ પંચાલ - ઉપપ્રમુખ | નવીનભાઈ પંચાલ - ટ્રસ્ટી | મિહીરભાઈ પંચાલ - ટ્રસ્ટી
મણીભાઈ પંચાલ - મંત્રી | હસમુખભાઈ પંચાલ - ટ્રસ્ટી | છાયાબેન પંચાલ - ટ્રસ્ટી
કે. કે. પંચાલ - ખજાનચી | મેહુલભાઈ પંચાલ - ટ્રસ્ટી | હરજીવનદાસ પંચાલ - ટ્રસ્ટી
હર્ષદભાઈ પંચાલ - સહમંત્રી | કમલેશભાઈ પંચાલ - ટ્રસ્ટી | પ્રફુલભાઈ પંચાલ - ટ્રસ્ટી
ગણપતભાઈ પંચાલ - ટ્રસ્ટી | ઈશ્વરભાઈ પંચાલ - ટ્રસ્ટી | રમણલાલ પંચાલ - ટ્રસ્ટી

● બળવંતભાઈ મિસ્ત્રી ● હેમંત સુથાર ● પંકજ પંચાલ ● રજનીકાન્ત સુથાર
● પ્રો. કેતન પંચાલ ● અશોકભાઈ ● કમલેશભાઈ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com